જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૧૮ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૮૦ લીટર દેશી દારૂ અને ૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૫૨/૧૮

**ગુજરાત યુનિવર્સિટીઃ** સ્નેહલ ગૌતમભાઇ રાઠોડ (ઉ.વ.૩૨) (રહે.કૃપાસાગર સોસાયટી શાંતીવન બસ સ્ટેન્ડ પાસે પાલડી) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૨/૧૮ રાતના સમયે કલાક આબાવાડી રિલાઈન્સ પેટ્રોલ પપંની સામે આવેલ સાકુંતલ સોપીંગ સેન્ટરમાં આવેલ શ્રીજી ફોટોલેબ નામની દુકાન નં-૧ ના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી નિકોન કંપનીના અલગ અલગ કેમેરા (૧) નીકોન-૫૨૦૦-ડી-૧૮-૫૫ મોડલનો કેમેરો કિંમત રૂપિયા ૩૦,૯૫૦/- (૨) નીકોન-૫૩૦૦-ડી-૧૮-૫૫ મોડલનો કેમેરો કિમત રૂપિયા ૪૫,૪૫૦/- (૩) નીકોન-પી-૯૦૦ મોડલનો કેમેરો કિમત રૂપિયા ૩૨,૯૫૦/- (૪) નીકોન-બી-૫૦૦ મોડલનો કેમેરો કિમત રૂપિયા ૧૫,૯૫૦/- અને (૫) નીકોન-એ-૧૦ મોડલનો કેમેરો કિમત રૂપિયા ૫,૪૫૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૩૦,૭૫૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** અંબાલાલ બેચરદાસ પટેલ (ઉ.વ.૭૪) (રહે. નિરાંત પાર્ક કોઓ. સોસાયટી, સુદર્શન ટાવરની બાજુમાં થલતેજ) એ તા.૧૯/૦૨/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૧૮ કલાક ૭/૩૦ થી તા.૧૭/૦૨/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બીજા માળે ગેલેરીના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૬,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રોપો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**શાહીબાગઃ** દીલીપભાઇ પારસમલ વાઘરેચા (ઉ.વ.૪ર) (રહે. સાગર એપાર્ટમેન્ટ ઘાસીરામ ચૌધરી હોલ પાછળ રાજસ્થાન રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦ર/૧૮ સાંજના ૫/30 થી તા.૧૯/ર/૧૮ સવારના ૯/૧૫ વાગ્યા દરમ્યાન શુકન મોલ ત્રીજો માળ ઓફીસ નં-૮ ના તાળા તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી (૧) ૧ એચ.પી કંપનીનું લેસર જેટ પ્રીંટર (ર) ફીલીપ્સ કંપનીની તથા એડકોમ કંપનીની તથા પાંચ એલજી કંપનીની મળી કુલ-૭ એલ.ઇ.ડી મોનીટરો (૩) એસેમ્બલ સી.પી.યુકુલ-૪ (૪) કી-બોર્ડ કુલ–૪ તથા માઉસનો કોમ્બો (પ) ૧એચ.પી કંપનીની પેનડ્રાઇવ (૬) સી.પી.યુ. હાર્ડડીસ્ક કુલ-૫ મધરબોર્ડ મળી કુલ કિમત રૂપિયા ૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**<u>ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૫૩/૧૮</u>**

**દાણીલીમડાઃ** લક્ષ્મણભાઇ દલાભાઇ પરમાર (ઉ.વ.પ૦)(રહે. રોહિતપાર્ક સોસાયટી દાણીલીમડા) એ તા.૧૮/૦ર/૧૮ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચક્કર આવતા બાથરૂમમાં પાણીની બોટલ સમજી એસીડની બોટલમાંથી એસીડનો ઘુંટડો પી લેતાસારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૯/૦ર/૧૮ કલાક ૦૦/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૫૪/૧૮</u>**

**ખોખરાઃ** હરેન્દ્રકુમાર ગસિંહલાલ કોષ્ટી (ઉ.વ.૬૮) (રહે. રાધાકિશનનગર સોસાયટી રાષ્ટ્રભારતી સ્કુલ પાસે ખોખરા) એ તા.૧૧/૦ર/૧૮ કલાક ૧ર/૦૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૯/૦ર/૧૮ બપોરના ર/૩૦ વાગે તેમનું મૃત્યુનિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.